જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૩/૧૧/૨૦૨૩ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૫૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૦૭ કેસ કરી, ૦૬ વ્યક્તિઓને ઝડપી, ૩૦ લીટર દેશી દારૂ, ૨૩૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૫૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૮૫૮/૨૦૨૩

નારોલઃ ભાવેશકુમાર કનુભાઇ રાણા(ઉ.વ.૩૧)(રહે. જી/૫૦૬, રશ્મિવિહાર ફ્લેટ, ઉમંગ ફ્લેટ પાસે સનરાઇઝ હોટલની પાછળ નારોલ અસલાલી હાઇવે નારોલ) એ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૧૧/૨૦૨૩ સાંજના ૭/૩૦ થી તા.૧૨/૧૧/૨૦૨૩ સવારના ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન મકાન નંબર જી/૫૦૬ તથા મકાન નંબર.એચ/૧૦૧ અને મકાન નંબર ડી/૩૦૭ ના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, મકાનમાંથી સોના-ચાંદીના દાગીના કુલ કિંમત રૂપિયા ૪,૧૫,૭૦૦/- અને રોકડ રૂપિયા ૧,૯૩,૮૦૦/- મળી કુલ રૂપિયા ૬,૦૯,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.જી.બ્રિદ ચલાવે છે.

### ચોરીઃ- સમાચાર યાદી નં.૧૮૫૯/૨૦૨૩

નવરંગપુરાઃ આઇરીન લોઇસ જાતે-ગામડીયા (ઉ.વ.૪૫)(રહે.વાઇટ ક્લાઉડ હોટલ પુષ્પકુંજ રોડ કાંકરીયા મુળ વતનઃ-૫૩૨૫ બેંટ ટ્રી ફોરેસ્ટ ડ્રાઇવ યુનીટ-૨૨૧૨ ડલ્લાસ ટેક્સાસ-૭૫૨૪૮ યુ.એસ.એ.) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૧૧/૨૦૨૩ રાતના ૧૧/૦૦ થી ૧૧/૫૦ વાગ્યા દરમ્યાન નવરંગપુરા ક્રિષ્ના સેન્ટર, પાસપોર્ટ ઓફીસ સામે રોડ ઉપર પાર્ક કરેલ હોંન્ડા કારના દરવાજાનુ લોક ડુપ્લીકેટ ચાવી થી ખોલી, અજાણી વ્યક્તિ કારમાંથી પર્સ નંગ-૨ ચોરી કરી લઇ ગઇ હતી. જે બંન્ને પર્સમા એપલ કંપનીના ઇયર પોડ્સ કિંમત રૂપિયા ૫૦૦૦/-, ૫૦૦ યુ.એસ ડૉલર્સ જે ભારતીય ચલણ મુજબ રૂપિયા ૪૧,૫૦૦/- તથા ભારતીય ચલણના રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૬,૫૦૦/- મતા મુકેલ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.જે.બલાત ચલાવે છે.

**બીજા માળેથી પડી જતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૮૬૦/૨૦૨૩**

વેજલપુરઃ રાયના ડો/ઓ રસીદભાઈ અજમેરી (ઉ.વ.૧૪)(રહે. યા-રહેમાન ફ્લેટ ગુલઝારપાર્ક ગેટ નંબર-૨ ની બાજુમા ફતેવાડી) તા.૧૨/૧૧/૨૦૨૩ સવારના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગેલેરીમા કપડા સુકાવવા જતા પગ લપસી જતા બીજા માળની ગેલેરીમાંથી નીચે પડી જતા શરીરે ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એસ.વી.પી. હોસ્પિટલ ખાતે લઈ જતા સવારના ૮/૪૦ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જી.વી.ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૬૧/૨૦૨૩**

દાણીલીમડાઃ નાસીરભાઇ વજીરમહોમદ શેખ (ઉ.વ.૫૦)(રહે.ગંજશહીદનુ નાળુ, અલ્લાહનગર ચેપી રોગ હોસ્પિટલ પાછળ, બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૧૨/૧૧/૨૦૨૩ બપોરના ૧૨/૦૦ વાગે પોતાના ઘરે પોતાની જાતે શરીરે સળગી જતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન બપોરના ૨/૦૫ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પરાગકુમાર પ્રફુલચંદ્ર ચલાવે છે.

નારોલઃ રવિકુમાર નાથુસિંહ લોધા (ઉ.વ.૩૧)(રહે.મહાલક્ષ્મી પાર્ક સોસાયટી, લોટ્સ સ્કુલ સામે, ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૧૧/૧૧/૨૦૨૩ રાતના ૧૦/૨૫ વાગ્યા પહેલા આકાશ મેટ્રો સીટી ફ્લેટ આકાશ સ્પોર્ટસ ક્લબ પાર્ટી પ્લોટમાં આવેલ ગોડાઉનમાં છતના ભાગે લગાવેલ લોખંડની એંન્ગલ સાથે મંડપ બાંધવાનુ કપડુ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી